GJBH030018262026

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ : | ૨૭ | ૦૨ | ૨૦૨૬ |
| નિકાલ તારીખ : | ૨૨ | ૦૭ | ૨૦૨૬ |
| સમય અવધિ : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૪ | ૨૫ |

**ક્રિમીનલ મેન્યુઅલના નિયમ રૂલ–૧૭૯(એ) અન્વયે જજમેન્ટ**

**FORM - A**

<table>
<tr><td colspan="2">
<u>અંકલેશ્વરના મહે.બીજા અધિક ચીફ જયુડી.મેજીસ્ટ્રેટશ્રી ની કોર્ટમાં</u><br>
<u>આંક:–</u><br>
(જજમેન્ટ તારીખ– ૨૨/૦૭/ ૨૦૨૬)<br>
ક્રિમીનલ કેસ નં– ૧૦૨૭/૨૦૨૬<br>
(અંકલેશ્વર રૂરલ પોલીસ સ્ટેશન, ગુ.ર.નં–૧૧૧૯૯૦૦૬૫૦૬૫૭/૨૦૨૫)<br>
બી.એન એસ.કલમ– ૧૮૯ (૨), ૧૯૧ (૨),૧૯૧ (૩),૧૯૦, ૧૧૫(૨), ૧૧૭(૨), ૧૧૮(૧), ૩૫૨, તથા જી.પી.એક્ટ ૧૩૫ મુજબ.
</td></tr>
<tr><td>ફરીયાદી:–</td><td>શ્રી સરકાર.<br>(મૂળફરીયાદી–સદામ જેનુલ આબદીન ખાન</td></tr>
<tr><td>ફરીયાદપક્ષ તરફે :–</td><td>વિ. એડીશ્નલ પબ્લીક પ્રોશીકયુટર<br>શ્રી કે.એલ.દેસાઈ</td></tr>
<tr><td>આરોપી:–</td><td>(૧) મોહમદ અરસાદ મોહમદ અનવાર સીદીકી<br>(૨) મોહમદ ઉસ્માન મોહમદ સઈદ સીદીકી રાજપુત<br>(૩) મોહમદ હાસીમ જીયાઉદીન સીદીકી<br>(૪) સાહીબે આલમ મોહમદ સીદીકી<br>(૫) રાબીયાબેગમ તમીરૂદીન જીયાઉદીન સીદીકીની પત્ની<br>(૬) સાબીયા બેગમ અવાનર સીદીકીની વિધવા<br>રહે તમામ . સનવેલી સોસાયટી કાપોદ્રા તા.</td></tr>
</table>

| | |
|---|---|
| | અંકલેશ્વર જી.ભરૂચ. |
| ફરીયાદી તરફે :– | વિદધવાન એ.પી.પી.શ્રી. કે.એલ.દેસાઇ |
| આરોપી તરફે:– | વિદધવાન વકીલ શ્રી એચ.ડી.પટેલ |

**FORM - B**

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ– | ૧૪/૧૨/૨૦૨૫ |
| એફ.આઈ.આર.તારીખ– | ૧૪/૧૨/૨૦૨૫ |
| ચાર્જશીટ કર્યા તારીખ– | ૨૨/૦૧/૨૦૨૬ |
| તહોમતનામુ ફરમાવ્યા તારીખ– | ૧૫/૦૭/૨૦૨૬ |
| પુરાવો નોંધવાની શરૂઆત કર્યા તારીખ– | ૧૫/૦૭/૨૦૨૬ |
| ચુકાદો અનામત રાખ્યા તારીખ– | ૨૨/૦૭/૨૦૨૬ |
| ચુકાદા તારીખ– | ૨૨/૦૭/૨૦૨૬ |
| સજાનો હુકમ ફરમાવ્યા તારીખ,જો હોય તો | ---------- |

**–::આરોપીની વિગત::–**

| આરોપીનો રેન્ક | આરોપીનું નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન મુકત કર્યા તારીખ | આરોપી ઓ સામેના ગુનાનુ તહોમત | નિર્દોષ કે દોષિત. | ફરમાવેલ સજા. | ક્રિ.પ્રો. કો. કલમ–૪૨૮ અન્વચે ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન અટકાયત મા પસાર કરેલ સમય. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **મોહમદ અરસાદ મોહમદ અનવાર સીદીકી** | ૨૦/૧૨/૨૫ | ---- | બી.એન.એસ.કલમ– ૧૮૯(૨), ૧૯૧(૨),૧૯૧ (૩),૧૯૦, ૧૧૫(૨), ૧૧૭(૨), ૧૧૮(૧), ૩૫૨, તથા જી.પી.એકટ ૧૩૫ મુજબ. | નિર્દોષ | – | લાગુ પડતુ નથી. |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨ | **મોહમદ ઉસ્માન મોહમદ સઈદ સીદીકી રાજપુત** | ૨૦/૧૨/૨૫ | – | બી.એન.એસ.કલમ– ૧૮૯(૨), ૧૯૧(૨),૧૯૧ (૩),૧૯૦, ૧૧૫(૨), ૧૧૭(૨), ૧૧૮(૧), ૩૫૨, તથા જી.પી.એકટ ૧૩૫ મુજબ. | નિર્દોષ | – | લાગુ પડતુ નથી. |
| ૩ | **મોહમદ હાસીમ જીયાઉદીન સીદીકી** | ૨૦/૧૨/૨૫ | – | બી.એન.એસ.કલમ– ૧૮૯(૨), ૧૯૧(૨),૧૯૧ (૩),૧૯૦, ૧૧૫(૨), ૧૧૭(૨), ૧૧૮(૧), ૩૫૨, તથા જી.પી.એકટ ૧૩૫ મુજબ. | નિર્દોષ | – | લાગુ પડતુ નથી. |
| ૪ | **સાહીબે આલમ મોહમદ સીદીકી** | ૨૦/૧૨/૨૫ | – | બી.એન.એસ.કલમ– ૧૮૯(૨), ૧૯૧(૨),૧૯૧ (૩),૧૯૦, ૧૧૫(૨), ૧૧૭(૨), ૧૧૮(૧), ૩૫૨, તથા જી.પી.એકટ ૧૩૫ મુજબ. | નિર્દોષ | – | લાગુ પડતુ નથી. |
| ૫ | **રાબીયાબેગમ તમીરૂદીન જીયાઉદીન સીદીકીની પત્ની** | ૨૦/૧૨/૨૫ | – | બી.એન.એસ.કલમ– ૧૮૯(૨), ૧૯૧(૨),૧૯૧ (૩),૧૯૦, ૧૧૫(૨), ૧૧૭(૨), ૧૧૮(૧), ૩૫૨, તથા જી.પી.એકટ ૧૩૫ મુજબ. | નિર્દોષ | – | લાગુ પડતુ નથી. |
| ૬ | **સાબીયા બેગમ અવાનર સીદીકી ની વિધવા** | ૨૦/૧૨/૨૫ | – | બી.એન.એસ.કલમ– ૧૮૯(૨), ૧૯૧(૨),૧૯૧ (૩),૧૯૦, ૧૧૫(૨), ૧૧૭(૨), ૧૧૮(૧), ૩૫૨, તથા જી.પી.એકટ ૧૩૫ મુજબ. | નિર્દોષ | – | લાગુ પડતુ નથી. |

## FORM - C

**ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટના સાહેદોનું લીસ્ટ:–**

**<u>એ – ફરીયાદપક્ષે સાહેદોનું લીસ્ટ:–</u>**

| ક્રમ | સાહેદનું નામ | આંક | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | સદામ હુસેન જેનુલ આબીદીન ખાન | ૧૨ | ફરીયાદી |
| ૨ | જફરુદીન જેનુલ આબીદીન ખાન | ૧૪ | સાહેદ |
| ૩ | સજાદ અબ્દુલ કરીમ શેખ | ૧૫ | સાહેદ |
| ૪ | રાજુભાઇ અબ્દુલ કરીમ શેખ | ૧૬ | સાહેદ |
| ૫ | જાહેદાખાતુન સરાફતઅલી સીદીકી | ૧૭ | સાહેદ |
| ૬ | રૂકસાર ફીરોઝ સીદીકી | ૧૮ | સાહેદ |

**<u>બી – બચાવપક્ષે સાહેદોનું લીસ્ટ:–</u>**

| ક્રમ | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| –– | –––– | ––– |

**<u>સી – કોર્ટ સાહેદોનું લીસ્ટ:–</u>**

| ક્રમ | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| –– | –––– | ––– |

**ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટ ના દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:–**
**<u>એ – ફરીયાદપક્ષે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:–</u>**

| ક્રમ | આંક | દસ્તાવેજ નું વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૩ | ફરીયાદની નકલ |
| ૨ | ૧૯ | ગુનાવાળી જગ્યાનુ પંચનામું |
| ૩ | ૨૦ | મુદામાલ કબજે કર્યા અંગેનુ પંચનામુ |
| ૪ | ૨૧ | મેડીકલ સર્ટી. |
| ૫ | ૨૨ | મેડીકલ સર્ટી. |
| ૬ | ૨૩ | મેડીકલ સર્ટી. |
| ૭ | ૨૪ | મેડીકલ સર્ટી. |
| ૮ | ૨૫ | કલોઝીંગ પુરસીસ |

**<u>બી– બચાવપક્ષે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:–</u>**

| ક્રમ | આંક | દસ્તાવેજ નું વર્ણન |
|---|---|---|
| -- | --- | --- |

**<u>સી – કોર્ટ તરફે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:–</u>**

| ક્રમ | આંક | દસ્તાવેજ નું વર્ણન |
|---|---|---|
| -- | --- | --- |

***<u>–::ચુ કા દો ::–</u>***

**<u>કેસની ટુંકી વિગત:–</u>**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ગેરકાયદેસરની મંડળી બનાવી પ્રાણઘાતક હથીયારો સાથે સજજ થઈ ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદો સાથે તેમના ઘર આગળ પાણી ઢોળવા બાબતે બોલાચાલી ઝઘડો કરી ઉશ્કેરાઈ જઈ આરોપીઓએ પોતાના હાથમાં લોંખડના પાઈપ તથા બેટ તથા લાકડી વડે ફરીયાદી સદામ જેનુલ આબદીન નાઓને આરોપી સાહેબે આલમ નાઓએ હાથમાના બેટ વડે માર મારી તથા આરોપી ઉસ્માન નાઓએ તેના હાથમાના પાઈપ વડે ઈજા પામનાર સદામને મારેલ તથા આરોપી ઉસ્માનએ સાહેદ જાહીદાખાતુને માથાના ભાગે મારેલ તથા કા.સ.બા મોહમદ આરીફ નાઓએ તેના હાથમાના પાઈપ વડે ઈજા પામનાર રાજુ શેખને માથાના ભાગે મારી તથા શરીરે મુઢ માર મારી હાથના ભાગે ફ્રેકચર ઈજા પહોંચાડી તથા આરોપી મોહમદ અરસાદ નાઓએ આરોપી સાહીબે આલમનુ બેટ લઈ ફરીયાદીને મારેલ તથા આરોપી હાસીમ તથા આરોપી સાબીચા બેગમ તથા આરોપી સાબીચા બેગમ નાઓએ ફરીયાદી તથા સાહેદોને બોલાચાલી ઝઘડા દરમ્યાન ઢીકાપાટુનો માર મારી ફરીયાદી તથા સાહેદોને શરીરે ઓછી વતી ઈજાઓ કરી મહે. કલેકટર સાહેબ શ્રીના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરી,બી.એન.એસ.કલમ– ૧૮૯(૨), ૧૯૧(૨),૧૯૧

(૩),૧૯૦, ૧૧૫(૨), ૧૧૭(૨), ૧૧૮(૧), ૩૫૨, તથા જી.પી.એકટ ૧૩૫ મુજબનો ગુનો કરેલ હોય, તે અંગેની ફરીયાદ સબંધિત પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપતા તેના આધારે પોલીસ તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા ઉપરોકત ગુન્હા સબબ હાલનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે

(૨) આરોપીઓ સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, સમન્સ કરવામાં આવતા આરોપીઓ કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ -૨૩૦ મુજબ ચાર્જશીટ તથા પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાત્રી કર્યા બાદ, આરોપીઓ વિરૂધ્ધ આંક-૪ થી તહોમતનામું ફરમાવી, આરોપીઓની આંક-૫થી આંક-૧૦ સુધીની પ્લી રેકર્ડ કરવામાં આવતા અને તેમા આરોપીઓએ ગુનો કબુલ હોવાનો ઈન્કાર કરતા કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદ પક્ષે તેની તકરારોના સમર્થનમાં નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે.

**મૌખીક તથા દસ્તાવેજી પુરાવા**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | સદામ હુસેન જેનુલ આબીદીન ખાનની જુબાની | ૧૨ |
| ૨ | જફરુદીન જેનુલ આબીદીન ખાનની જુબાની | ૧૪ |
| ૩ | સજાદ અબ્દુલ કરીમ શેખની જુબાની | ૧૫ |
| ૪ | રાજુભાઇ અબ્દુલ કરીમ શેખની જુબાની | ૧૬ |
| ૫ | જાહેદાખાતુન સરાફતઅલી સીદીકીની જુબાની | ૧૭ |
| ૬ | રૂકસાર ફીરોઝ સીદીકીની જુબાની | ૧૮ |
| ૭ | ફરીયાદની નકલ | ૧૩ |
| ૮ | ગુનાવાળી જગ્યાનુ પંચનામું | ૧૯ |
| ૯ | મુદામાલ કબજે કર્યા અંગેનુ પંચનામુ | ૨૦ |

| | | |
|---|---|---|
| ૧૦ | મેડીકલ સર્ટી. | ૨૧ |
| ૧૧ | મેડીકલ સર્ટી. | ૨૨ |
| ૧૨ | મેડીકલ સર્ટી. | ૨૩ |
| ૧૩ | મેડીકલ સર્ટી. | ૨૪ |
| ૧૪ | કલોઝીંગ પુરસીસ | ૨૫ |

**(૪)** ઉપરોકત મુજબનો પુરાવો રજુ થયા બાદ ફરીયાદપક્ષ તરફે આંક–૨૫ થી પુરાવો પુરો થયાનું જાહેર કરવામાં આવતા, આ કામે ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવા અન્વયે આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે નોંધવુ જરૂરી જણાતુ ન હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે વિ. એ .પી .પી. શ્રીની તથા આરોપી તરફે વિ.વ.શ્રી ની મૌખિક દલીલો સાંભળી.

**(૫)** સબબ, ઉપરોકત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે:–

**<u>–:: મુદાઓ ::–</u>**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબીત કરે છે કે, આ કામના આરોપીઓએ ગેરકાયદેસરની મંડળી બનાવી પ્રાણઘાતક હથીયારો સાથે સજજ થઈ ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદો સાથે તેમના ઘર આગળ પાણી ઢોળવા બાબતે બોલાચાલી ઝઘડો કરી ઉશ્કેરાઈ જઈ આરોપીઓએ પોતાના હાથમાં લોંખડના પાઈપ તથા બેટ તથા લાકડી વડે ફરીયાદી સદામ જેનુલ આબદીન નાઓને આરોપી સાહેબે આલમ નાઓએ હાથમાના બેટ વડે માર મારી તથા આરોપી ઉસ્માન નાઓએ તેના હાથમાના પાઈપ વડે ઈજા પામનાર સદામને મારેલ તથા આરોપી ઉસ્માનએ સાહેદ જાહીદાખાતુને માથાના ભાગે મારેલ તથા કા.સ.બા મોહમદ આરીફ નાઓએ તેના હાથમાના પાઈપ વડે ઈજા પામનાર રાજુ શેખને માથાના ભાગે મારી તથા શરીરે મુઢ માર મારી

હાથના ભાગે ફેકચર ઈજા પહોંચાડી તથા આરોપી મોહમદ અરસાદ નાઓએ આરોપી સાહીબે આલમનુ બેટ લઈ ફરીયાદીને મારેલ તથા આરોપી હાસીમ તથા આરોપી સાબીયા બેગમ તથા આરોપી સાબીયા બેગમ નાઓએ ફરીયાદી તથા સાહેદોને બોલાચાલી ઝઘડા દરમ્યાન ઢીકાપાટુનો માર મારી ફરીયાદી તથા સાહેદોને શરીરે ઓછી વતી ઈજાઓ કરી મહે. કલેકટર સાહેબ શ્રીના હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરી ,બી.એન.એસ.કલમ–૧૮૯(૨),૧૯૧ (૨),૧૯૧ (૩), ૧૯૦, ૧૧૫(૨), ૧૧૭(૨), ૧૧૮(૧), ૩૫૨, તથા જી.પી.એકટ ૧૩૫ મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ

**(૬)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારાત્મક,

(૨) આખરી હુકમ મુજબ.

**(૭)** ઉપરોકત મુદાઓના નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.

**–:: <u>કા ર ણો</u> ::–**

**<u>મુદા નં. ૧:–</u>**

**(૮)** આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરિયાદપક્ષે આરોપીઓ સામેનો કે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપીઓ સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવુ જોઈએ. વધુમાં ફરિયાદપક્ષ આરોપીઓ સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરિયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવુ જોઈએ.

**(૯)** ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારૂ આંક–૧૨ થી ફરીયાદી સદામહુસેન જેનુલ આબીદીન ખાન નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની

જુબાનીમાં જણાવે છે કે, બનાવ આજથી છ મહિના અગાઉ સનવેલી સોસાયટી, કાપોદ્રા ગામે સવારના દસેક વાગ્યના આસપાસ બનેલો. બનાવ વખતે મારી બહેન રૂકસાનાનો મારા પર ફોન આવેલ કે, ગઈકાલ સાંજના આપની ટાંકીમાં પાણી ઘોરાયેલુ હતુ ત્યારે આપણી બાજુમાં એકાદ ઘર છોડી રહેતા તમરૂદીન ઉર્ફે બીલ્લુના ઘરના સભ્યોએ બોલાચાલી કરવા આવેલ હોય હુ તથા મારા ઘરના સભ્યો પણ ત્યાં હાજર રહી અને અમારી વચ્ચે પાણી બાબતે તકરાર થતા તે બાબતે બોલાચાલી થતા સોસાયટીના માણસો ભેગા થઈ જવાથી ટોળમાં ધકકામુકી થતા ઈજા થયેલી તેથી અમોને ભરૂચ સીવીલ હોસ્પીટલમાં સારવાર કરાવેલી તે બાબતની ફરીયાદ મે આપેલી. મને ફરીયાદની ખરી નકલ બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે જે સહી હુ ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક-૧૩ આપવામાં આવે છે. આરોપી મારા સોસાયટીના હોય જેથી તેઓને ઓળખુ છુ.

બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલો છે કે, એ વાત ખરી છે કે, અમારે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કશુ બનેલ નથી. એ વાત ખરી છે કે અમારે આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે અમારે આરોપીઓ સાથે કોઈ અણબનાવ નથી. એ વાત ખરી છે કે આરોપીએ અમને કોઈ હથિયારથી ઈજા કરેલ નથી કે ગાળો બોલેલ નથી.

**(૧૦)** ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારૂ આંક-૧૪થી સાહેદ જફરુદીન જેનુલ આબીદીન ખાન નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આજથી છ મહિના અગાઉ સનવેલી સોસાયટી, કાપોદ્રા ગામે સવારના દસેક વાગ્યાના આસપાસ બનેલો. બનાવ વખતે મારી બહેન રૂકસાનાની છોકરી મારા ઘરે આવેલ અને મને કહેલ કે મમ્મીની બાજુમાં રહેતી માસી સાથે ઝઘડો થયેલ છે જેથી મને રૂકસારે મને જણાવેલ કે, પાણી બાબતે આપણી બાજુમાં એકાદ ઘર છોડી રહતા તમરૂદીન ઉર્ફે બીલ્લુના ઘરના સભ્યોએ બોલાચાલી કરવા આવેલ હોય હુ તથા મારા ઘરના સભ્યો પણ ત્યાં હાજર રહી અને અમારી વચ્ચે પાણી બાબતે તકરાર

થતા તે બાબતે બોલાચાલી થતા સોસાયટીના માણસો ભેગા થઈ જવાથી ટોળામાં ધકકામુકી થતા ઈજા થયેલી તેથી અમોને ભરૂચ સીવીલ હોસ્પીટલમાં સારવાર કરાવેલી તે બાબતની ફરીયાદ મારા ભાઈએ આપેલી. પોલીસે મારો જવાબ લીધેલો. આરોપી આજરોજ કોર્ટમાં હાજર છે.

બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલો છે કે, એ વાત ખરી છે કે, અમારે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કશુ બનેલ નથી. એ વાત ખરી છે કે અમારે આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે અમારે આરોપીઓ સાથે કોઈ અણબનાવ નથી. એ વાત ખરી છે કે આરોપીએ અમને કોઈ હથિયારથી ઈજા કરેલ નથી કે ગાળો બોલેલ નથી. એ વાત ખરી છે કે ધકકામુકીમા પડી જવાથી ઈજા થયેલી.

**(૧૧)** ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારૂ આંક–૧૫થી સાહેદ સજાદ અબ્દુલ કરીમ શેખનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આજથી છ મહિના અગાઉ સનવેલી સોસાયટી, કાપોદ્રા ગામે સવારના દસેક વાગ્યાના આસપાસ બનેલો. બનાવ વખતે મારી સામે રહેતા રૂકસાના અને તેની બાજુમા રહેતા રાબીયા અને તેની માતા સાબીયાના ઘરના સભ્યો સાથે બોલાચાલી કરવા આવેલ હોય હુ તથા મારા ભાઈ રાજુભાઈ તેઓને છોડાવવા વચ્ચે પડતા આ બંન્ને ઘરના સભ્યો પણ ત્યાં હાજર રહી અને પાણી બાબતે તકરાર થતા તે બાબતે બોલાચાલી થતા સોસાયટીના માણસો ભેગા થઈ જવાથી ટોળામાં ધકકામુકી થતા ઈજા થયેલી તેથી અમોને ભરૂચ સીવીલ હોસ્પીટલમાં સારવાર કરાવેલી તે બાબતની ફરીયાદ સદામ ભાઈએ આપેલી. પોલીસે મારો જવાબ લીધેલો. આરોપી આજરોજ કોર્ટમાં હાજર છે.

બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલો છે કે, એ વાત ખરી છે કે, અમારે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કશુ

બનેલ નથી. એ વાત ખરી છે કે અમારે આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે અમારે આરોપીઓ સાથે કોઈ અણબનાવ નથી. એ વાત ખરી છે કે આરોપીએ અમને કોઈ હથિયારથી ઈજા કરેલ નથી કે ગાળો બોલેલ નથી. એ વાત ખરી છે કે ધકકામુકીમા પડી જવાથી ઈજા થયેલી.

**(૧૨)** ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારૂ આંક–૧૬થી સાહેદ રાજુભાઈ અબ્દુલ કરીમ શેખ નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આજથી છ મહિના અગાઉ સનવેલી સોસાયટી, કાપોદ્રા ગામે સવારના દસેક વાગ્યાના આસપાસ બનેલો. બનાવ વખતે મારી સામે રહેતા રૂકસાના અને તેની બાજુમા રહેતા રાબીયા અને તેની માતા સાબીયાના ઘરના સભ્યો સાથે બોલાચાલી કરવા આવેલ હોય હુ તથા મારા ભાઈ સજાદ તેઓને છોડાવવા વચ્ચે પડતા આ બંન્ને ઘરના સભ્યો પણ ત્યાં હાજર રહી અને પાણી બાબતે તકરાર થતા તે બાબતે બોલાચાલી થતા સોસાયટીના માણસો ભેગા થઈ જવાથી ટોળામાં ધકકામુકી થતા ઈજા થયેલી તેથી અમોને ભરૂચ સીવીલ હોસ્પીટલમાં સારવાર કરાવેલી તે બાબતની ફરીયાદ સદામ ભાઈએ આપેલી. પોલીસે મારો જવાબ લીધેલો. આરોપી આજરોજ કોર્ટમાં હાજર છે.

બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલો છે કે, એ વાત ખરી છે કે, અમારે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કશુ બનેલ નથી. એ વાત ખરી છે કે અમારે આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે અમારે આરોપીઓ સાથે કોઈ અણબનાવ નથી. એ વાત ખરી છે કે આરોપીએ અમને કોઈ હથિયારથી ઈજા કરેલ નથી કે ગાળો બોલેલ નથી. એ વાત ખરી છે કે ધકકામુકીમા પડી જવાથી ઈજા થયેલી.

**(૧૩)** ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારૂ આંક–૧૭થી સાહેદ જાહેદાખાતુનુ સરાફતઅલી સીદીકી નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આજથી છ મહિના અગાઉ સનવેલી સોસાયટી,

કાપોદ્રા ગામે સવારના દસેક વાગ્યાના આસપાસ બનેલો. બનાવ વખતે મારી સામે રહેતા રૂકસાના અને તેની બાજુમા રહેતા રાબીયા અને તેની માતા સાબીયાના ઘરના સભ્યો સાથે બોલાચાલી કરવા આવેલ હોય હુ તથા મારા ભાઈઓ તેઓને છોડાવવા વચ્ચે પડતા આ બંન્ને ઘરના સભ્યો પણ ત્યાં હાજર રહી અને પાણી બાબતે તકરાર થતા તે બાબતે બોલાચાલી થતા સોસાયટીના માણસો ભેગા થઈ જવાથી ટોળામાં ધકકામુકી થતા ઈજા થયેલી તેથી અમોને ભરૂચ સીવીલ હોસ્પીટલમાં સારવાર કરાવેલી તે બાબતની ફરીયાદ સદામ ભાઈએ આપેલી. પોલીસે મારો જવાબ લીધેલો. આરોપી આજરોજ કોર્ટમાં હાજર છે.

બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલો છે કે, એ વાત ખરી છે કે, અમારે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કશુ બનેલ નથી. એ વાત ખરી છે કે અમારે આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે અમારે આરોપીઓ સાથે કોઈ અણબનાવ નથી. એ વાત ખરી છે કે આરોપીએ અમને કોઈ હથિયારથી ઈજા કરેલ નથી કે ગાળો બોલેલ નથી. એ વાત ખરી છે કે ધકકામુકીમા પડી જવાથી ઈજા થયેલી.

**(૧૪)** ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારૂ આંક–૧૮થી સાહેદ રૂકસાર ફીરોઝ સીદીકી નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આજથી છ મહિના અગાઉ સનવેલી સોસાયટી, કાપોદ્રા ગામે સવારના દસેક વાગ્યાના આસપાસ બનેલો. બનાવ વખતે મારી સામે રહેતા રૂકસાના અને તેની બાજુમા રહેતા રાબીયા અને તેની માતા સાબીયાના ઘરના સભ્યો સાથે બોલાચાલી કરવા આવેલ હોય મારી બહેન થતા મારા ભાઈઓ અમોને છોડાવવા વચ્ચે પડતા આ બંન્ને ઘરના સભ્યો પણ ત્યાં હાજર રહી અને પાણી બાબતે તકરાર થતા તે બાબતે બોલાચાલી થતા સોસાયટીના માણસો ભેગા થઈ જવાથી ટોળામાં ધકકામુકી થતા ઈજા થયેલી તેથી અમોને ભરૂચ સીવીલ હોસ્પીટલમાં સારવાર કરાવેલી તે બાબતની ફરીયાદ સદામ ભાઈએ આપેલી. પોલીસે મારો જવાબ લીધેલો.

આરોપી આજરોજ કોર્ટમાં હાજર છે.

બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલો છે કે, એ વાત ખરી છે કે, અમારે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કશુ બનેલ નથી. એ વાત ખરી છે કે અમારે આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે અમારે આરોપીઓ સાથે કોઈ અણબનાવ નથી. એ વાત ખરી છે કે આરોપીએ અમને કોઈ હથિયારથી ઈજા કરેલ નથી કે ગાળો બોલેલ નથી. એ વાત ખરી છે કે ધકકામુકીમા પડી જવાથી ઈજા થયેલી.

પુરાવાનું પૃથ્થકરણ:-

**<u>પુરાવાનું પૃથ્થકરણ:-</u>**

**(૧૫)** આમ, ઉપરોકત વિગતે ફરીયાદપક્ષે રજુ થયેલ લેખીત, મૌખીક પુરાવો તથા કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લઈ પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામના આંક-૧૨ થી ફરીયાદીને તપાસવામાં આવેલા છે. તેઓએ આંક-૧૩વાળી ફરીયાદનેસમર્થન કરેલ નથી. આમ, જયારે ખુદ ફરીયાદી પોતે જ ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરેલ નથી તેમજ તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે અને ઉલટ તપાસ જોતા તેમા પણ તેઓએ જણાવેલ છે કે , તેઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલ હોવાનુ જણાવે છે. તે સિવાય બીજુ કશુ બનેલ ન હોવાનુ જણાવે છે તેમજ તેઓને આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન થઈ ગયેલ હોવાનું જણાવે છે.તેઓને આરોપી સાથે કોઈ અણબનાવ ન હોવાનુ જણાવે છે. તેમજ તેઓને આરોપીએ કોઈ હથિયારથી ઈજા કરેલ ન હોય કે કોઈ ગાળો બોલેલ ન હોવાનુ જણાવે છે. તેમજ તેઓએ ફરીયાદમાં માત્ર સહી કરેલી તેની વિગત તેઓ જાણતા ન હોવાનુ જણાવે છે.તથા આંક-૧૪ થી આંક-૧૮ સુધીના સાહેદોની ઉલટ તપાસ જોતા તેમા પણ તેઓએ જણાવેલ છે કે , તેઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલ હોવાનુ જણાવે છે. તે સિવાય બીજુ કશુ બનેલ ન હોવાનુ જણાવે છે તેમજ તેઓને આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન થઈ ગયેલ હોવાનું જણાવે છે.તેઓને આરોપી સાથે કોઈ અણબનાવ ન હોવાનુ જણાવે છે. તેમજ

તેઓને આરોપીએ કોઈ હથિયારથી ઈજા કરેલ ન હોય કે કોઈ ગાળો બોલેલ ન હોવાનુ જણાવે છે. તેઓને ધકકા મુકીમાં પડી જવાથી ઈજા થયેલાનુ જણાવે છે. આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઈ સાહેદોને તપાસેલ નથી અને આંક–૨૫થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે. વધુમાં, સદર કામે રેકર્ડ ઉપર આંક–૧૯થી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ, આંક–૨૦થી મુદામાલ કબજે કર્યાનુ પંચનામુ, આંક–૨૧થી આંક–૨૪ સુધીના મેડીકલ સર્ટીફીકેટની નકલ રજુ થયેલ છે. તે દસ્તાવેજી પુરાવો વંચાણ લેતા ગુનાવાળી જગ્યાની સ્થળ સ્થિતી રેકર્ડ પરથી જણાય આવે છે પરંતુ આ ઈજા આ કામના આરોપીએ જ કરેલ હતી કે કેમ ? તે સંબંધી લેશ માત્ર પુરાવો રેકર્ડ પર આવેલ નથી. વધુમાં સદર કામે બનાવ સમયે જીલ્લા મેજી.નું જાહેરનામું અમલમાં હોવા સંબંધી તે લગત કોઈપણ સાહેદોને પણ આ કામે તપાસવામાં આવેલ નથી. તેમ છતાં જાહેરનામું અમલમાં હોવાનું માની લેવામાં આવે તો પણ ફરીયાદની હકીકતો બાબતે ખુદ ફરીયાદી ફરીયાદ પક્ષના આક્ષેપોને સમર્થન કરતા ન હોય અન્ય સાહેદોને તપાસવાનો કોઈ અર્થ રહેતો નથી. ફરીયાદીની જુબાની લક્ષમાં લેવામાં આવે તો આરોપીને સજા કરી શકાય તેવો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી તેમજ આરોપીઓએ સદર કહેવાતો ગુનો આચરેલ હોય તે સંબંધી વ્યાજબી શંકાથી પર પુરવાર થતો નથી. આરોપી સામે આક્ષેપીત ગુન્હાના તત્વો પુરવાર થતા નથી. હાથ પરના કેસમાં રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા તેમજ કેસની હકીકત, સંજોગો તથા થયેલ દલીલો ધ્યાને લેતા ફરીયાદ હકીકત મુજબનો ગુનો બનેલ હોય તેવું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેમજ ફરીયાદ પક્ષ આરોપીને ગુન્હા સાથે સાંકળતો કોઈ સીધો કે પ્રાથમિક પુરાવો રેકર્ડ ઉપર રજુ કરી શકેલ નથી કે એવી કોઈ ક્રમબધ્ધ પુરાવાની અતુટ સાંકળ રચાતી નથી કે જેના કારણે આરોપીને ગુન્હા સાથે સાંકળી શકાય તેમજ એવો કોઈ સાંયોગિક પુરાવો પણ રેકર્ડ ઉપર રજુ થયેલ નથી કે જેથી આરોપીઓએ ફરીયાદ હકીકત મુજબનો ગુન્હો આચરેલ હોય તેવુ અનુમાન થઈ શકે. આથી, મુદા.નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.૨ અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## -:: **હુકમ** ::-

**(૧)** આ કામના **આરોપી નં.(૧) મોહમદ અરસાદ મોહમદ અનવાર સીદીકી (૨)મોહમદ ઉસ્માન મોહમદ સઈદ સીદીકી (૩) મોહમદ હાસીમ જીયાઉદીન સીદીકી (૪) સાહીબે આલમ મોહમદ સીદીકી (૫) રાબીચાબેગમ તમીરૂદીન જીયાઉદીન સીદીકીની પત્ની (૬) સાબીયા બેગમ અવાનર સીદીકીની વિધવા** નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૧(૧) અન્વયે બી.એન.એસ.કલમ- ૧૮૯(૨), ૧૯૧(૨),૧૯૧(૩),૧૯૦, ૧૧૫(૨), ૧૧૭(૨), ૧૧૮(૧), ૩૫૨, તથા જી.પી.એકટ ૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૧ (એ) અન્વયે આરોપીઓએ અપીલ કોર્ટમાં હાજર રહેવાની બાહેધરી માટે અગાઉ આપેલ જામીન, હુકમ તારીખથી છ માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩).** આ કામે કબજે કરવામાં આવેલ મુદામાલનો અપીલ સમય વિત્યેથી નિયમોનુસાર નિકાલ કરવો.

આ હુકમ આજરોજ તારીખ: ૨૨, માહે. જુલાઈ, સને: ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: અંકલેશ્વર
તા.૨૨/૦૭/૨૦૨૬

**(મિતેષકુમાર કિરીટકુમારમહેતા)**
બીજા એડી. ચીફ જયુડી. મેજી.
અંકલેશ્વર
જી. જે. કોડ નં. ૦૧૨૨૫

**(STENO H.S.VALA.)**